# 5. હવે કોઈને !

યોસેફ મેકવાન
જન્મ તા. ૨૦ ડિસેમ્બર, ૧૯૪૦



યોસેફ મેકવાનનો જન્મ અમદાવદ. વતન : માલાવા (ખેડા જિલ્લો) પિતાનું નામ ફિલિપભાઈ, માતાનું નામ મરિયમબેન. શેઠ.સી.એન. વિદ્યાલયમાંથી શિક્ષક તરીકે નિવૃત્ત. સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અને એસ.એન.ડી.ટી. કોલેજમાં પાર્ટટાઈમ અધ્યાપક. આકાશવાણી - અમદાવાદ, પરામર્શક તરીકે, ગુ.રા.શા. પાઠ્યપુસ્તક મંડળમાં પાઠ્યપુસ્તક રચના સમિતિના સભ્ય. ગુ.સા.પરિષદમાં કારોબારી સભ્ય. સાંસ્કૃતિક-ધાર્મિક મિશન અન્વયે યુરોપના સ્પેન, ઈટાલી, ઈઝરાયેલ, ફ્રાંસની મુલાકાતો. લઘુનવલ, વાર્તાસંગ્રહો, કાવ્યસંગ્રહો, નિબંધસંગ્રહો, અનુવાદો, કાવ્યચયનો, વિવેચન ઉપરાંત બાલકાવ્યસંગ્રહો, બાળવાર્તાસંગ્રહો, બાલસાહિત્યવિવેચન વગેરેમાં પ્રદાન. પારિતોષિકો : દિલ્હી સાહિત્ય અકાદમીનું ઈનામ, ગુજરાત રાજ્યનાં પાંચ ઈનામો, ડૉ. કવિ જયંતપાઠક એવૉર્ડ, નટવરલાલ માલવી એવૉર્ડ અને ‘કુમાર’ સુવર્ણચંદ્રક તથા નાનાંમોટાં ઈનામો અને તામ્રપત્ર.

જે ગવાય તે ગીત. ગીત ઉપરથી જ ‘ગીતા’ શબ્દ પણ બન્યો છે. ગુજરાતીમાં લોકગીત, પ્રભાતિયાં, ભજનો વગેરે પણ ગીત ગણાય. છતાં ‘ઊર્મિગીત’ એ બધાથી જરા જુદું પડે છે. અંગ્રેજી સાહિત્યની અસરથી જે ગીત ગવાતું તેને મળતું ‘ઊર્મિગીત’ આપણે ત્યાં રચાયું. ઊર્મિ એટલે લાગણી, સંવેદન. ગ્રીક લોકો પોતાની ઊર્મિ અથવા સંવેદનને લાયર નામના તંતુવાદ્ય (આપણા તંબૂરો, એકતારો અથવા રાવણહથ્થો જેવા) સાથે ગાતા. એ ગીતને લિરિક નામ આપેલું. એ પ્રકારની રચના પછી અંગ્રેજીમાં ટેનિસન, કીટ્સ, બાયરન, વર્ડ્ઝવર્થ વગેરે કવિઓએ કરી. કવિ નર્મદ પછી આપણે ત્યાં પણ એવાં ‘લિરિક’ લખાયાં. તેનું ગુજરાતી ‘ઊર્મિગીત’ થયું. એમાં ભક્તિ ઉપરાંત પ્રકૃતિ અને માનવપ્રેમની ઊર્મિઓ રજૂ થઈ. ક્યારેક પોતાનો વિષાદ અને વ્યથા પણ રજૂ થયાં. સુગમસંગીત ગાનારા કલાકારોએ ગુજરાતમાં આવાં ગીતોને ઘેર ઘેર જાણીતાં બનાવ્યાં. નર્મદ પછી નરસિંહરાવ, નાનાલાલ, સુંદરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, અવિનાશ વ્યાસ જેવાએ ઘણાં ગીતો લખ્યાં.

કોમળ હૃદયના સરળ કવિએ આ ગીતમાં પોતાની વ્યથા રજૂ કરી છે. એક સમયે બધાં માણસો કેવાં સંપથી, અમનથી રહેતાં હતાં ? હવે તો કોઈને એકબીજા પર વિશ્વાસ જ નથી રહ્યો. કોઈક અણસમજણની રજકણ - નાનકડી એટમ બનીને, અણુબોમ્બ બનીને ફૂટી છે. બધું વેરણ-છેરણ, વૅર-વિખેર થઈ ગયું ને માનવજાત બેહાલ થઈ ગઈ. કવિ પાસે આનો ઉકેલ નથી પણ માનવજાતે તો એનો ઉકેલ શોધવો જ પડશે.

---

શબ્દે શબ્દે જેમ વસ્યો છે અક્ષરનો સહવાસ,
હતા આપણા એમ ભળેલા શ્વાસ !
ઊડી ગયો કયાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?
રજકણ અણસમજણની ક્ષણમાં
ચિત્તમહીં છવાઈ,

વેરણ-છેરણ દૃશ્ય થયાં સૌ
　　　　　　ગયું બધું પલટાઈ !
રાત સરખા દિવસો લાગે
　　　　　　જાણે સદા અમાસ !
ઊડી ગયો ક્યાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?
જીવતરના હાંસિયે જઈ બેઠાં
　　　　　　સ્મરણોનાં સૌ વહાલ,
કશું નથી કૈં ગમતું દોસ્તો,
　　　　　　હાલ થયા બેહાલ !
હવે કોઈને માનવતા પણ
　　　　　　નથી આવતી રાસ !
ઊડી ગયો કયાં વરાળ થઈને અંતરનો વિશ્વાસ ?

## ટિપ્પણ

**સહવાસ** - સાથે રહેવું તે **વેરણ-છેરણ** - અસ્તવ્યસ્ત **હાંસિયો** - કાગળની ડાબી બાજુએ કોરી રખાતી જગ્યા

## રૂઢિપ્રયોગ

**ભળેલા શ્વાસ હોવા** - એકબીજાનાં દિલ મળી જવાં, એકબીજા પ્રત્યે લાગણી હોવી **હાલ બેહાલ થવા** - ખરાબ પરિસ્થિતિમાં મૂકાવું **રાસ ન આવવું** - માફક ન આવવું; અનુકૂળ ન આવવું

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિને કયો પ્રશ્ન સતાવે છે ?
2. વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી ?
3. કવિના મતે કોઈને શું ગમતું નથી ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. ‘અક્ષર’ અને ‘શ્વાસ’ વચ્ચે તુલના કરતાં કવિ શું કહે છે ?
2. શેના કારણે ચિત્તમાં બધુ પલટાઈ જાય છે ?
3. કવિને શા માટે દિવસો અમાસની રાત જેવા લાગે છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. ‘અણસમજણ’થી ઊભી થયેલી અનુભૂતિનું વર્ણન કરો.
2. મિત્ર સાથે અણબનાવ થાય ત્યારે તમને થયેલી અનુભૂતિનું વર્ણન કરો.

**પ્રશ્ન 4. કાવ્યપંક્તિઓનો ભાવાર્થ સમજાવો.**

‘રજકણ અણસમજણની ક્ષણમાં ચિત્તમહીં છવાઈ,
વેરણ-છેરણ દૃશ્ય થયાં સૌ ગયું બધું પલટાઈ !’

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

વહાલ, વરાળ, ચિત્ત, દોસ્ત

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

સમજણ, અમાસ, સ્મરણ

**આટલું કરો.**

1. અણસમજ કે ગેરસમજથી માનવસંબંધો બગડે છે, તેના ઉદાહરણોની ચર્ચા તમારા મિત્ર સાથે કરો.
2. માનવસંબંધો બગડે નહીં તે માટે કેવા પ્રયત્નો કરવા જોઈએ ? તેની ચર્ચા શિક્ષક સાથે કરો.

●